હરિદ્વાર-નેપાળમાં ફસાયેલ ૧૮૦૦ ગુજરાતી મુસાફરોને લાવવાની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

કોરોના વાયરસની પ્રવર્તમાન સ્થિતીમાં દેશવ્યાપી લોકડાઉનની સ્થિતીમાં આજે ચોથા દિવસે ગુજરાતમાં નાગરિકોને જીવન આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો પૂરતી માત્રામાં ઉપલબ્ધ થયો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારના વિભાગો નાગરિકો-પ્રજાવર્ગોને આ લોકડાઉન દરમિયાન કોઈ જ દુવિધા ન પડે તે માટે સતત કાર્યરત છે.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે રાજ્ય સરકાર દ્વારા આ હેતુસર લેવામાં આવેલા આયોજનબદ્ધ પગલાંઓ અને પુરવઠાની સ્થિતીની વિગતો આપી હતી.

હાલની લોકડાઉનની સ્થિતીમાં વાહનવ્યવહાર પણ બંધ છે ત્યારે ગુજરાતના મૂળ રહેવાસી અને નેપાળ, હરિદ્વાર જેવા સ્થળોએ પ્રવાસે ગયેલા અને ત્યાં સ્થગિત થઈ ગયેલા ૧૮૦૦થી વધુ યાત્રાળુઓને ગુજરાત પરત લાવવાની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીના સચિવે આ વિગતો આપતાં કહ્યું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને કેમિકલ ફર્ટિલાઈઝર રાજ્ય મંત્રી મનસુખ માંડવીયા તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સંનિષ્ઠ દરમિયાનગીરીથી આ યાત્રાળુ-મુસાફરોને ૨૮ જેટલી ખાસ બસો મારફત ગુજરાત પરત લાવવામાં આવી રહ્યા છે.

સુરત-વડોદરા-રાજકોટ-ભાવનગર-જામનગર-ખેડા અને આણંદ જિલ્લાઓના આ યાત્રાળુ-મુસાફરો રાજ્યની સરહદમાં અરવલ્લી જિલ્લામાં પ્રવેશે ત્યારે તે તમામનું હેલ્થ ચેકઅપ કરીને તેમના જમવા તેમજ અન્ય વ્યવસ્થાઓ કરી તે મુસાફરોને પોતાના ગામ-નગર-શહેર પહોચાડવાની વ્યવસ્થાઓ કરવામાં આવશે તેમ પણ મુખ્યમંત્રીના સચિવે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે લોકડાઉનની આ સ્થિતીમાં રાજ્યભરમાં ઉદ્યોગો-કારખાનાઓ બંધ છે ત્યારે તેમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકો-કામદારો તથા ગુજરાતના અંતરિયાળ વિસ્તારના આવા કારીગરો તેમના વતન જવા પગે ચાલીને નીકળી પડયા છે.

મુખ્યમંત્રીએ આવા શ્રમિકોને પગે ચાલીને વતન ભણી ન જવા અપિલ પણ કરી છે. વિજયભાઈ રૂપાણીના ધ્યાને એ બાબત આવી હતી કે શુક્રવારે રાત્રે રાજ્યના જુદા જુદા હાઈ-વે પર આવા આશરે ૧૦ હજારથી વધુ શ્રમિકો પગપાળા જઈ રહ્યા હતા.

મુખ્યમંત્રીએ આ શ્રમજીવીઓ પ્રત્યે માનવીય સંવેદના દર્શાવી સંબંધિત જિલ્લાતંત્રને મદદરૂપ થવા તાકીદ કરી અને તેના પરિણામે આ શ્રમિકોને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના અન્ય વનબંધુ જિલ્લાઓમાં વાહનો દ્વારા પહોચાડવાની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીના સચિવે હવે કોઈજ આવા શ્રમિકો કે કારીગરો પોતાના વતન કે ગામ ન જાય અને હાલની સ્થિતીમાં સુરક્ષિત રહેવા જ્યાં છે ત્યાં જ રહે તેવી અપિલ પણ કરી હતી.

તેમણે ઉમેર્યુ કે રાજ્યમાં આવા શ્રમિકો-કારીગરો અને જરૂરતમંદ વ્યકિતઓ માટે જિલ્લા વહિવટીતંત્ર અને સ્વૈચ્છિક સેવા સંગઠનો ફૂડપેકેટ તૈયાર કરીને તેનું વિતરણ સેવાભાવે કરે છે તેમાં અત્યાર સુધીમાં રાજ્યમાં ૨ લાખ ૮૨ હજાર ફૂડપેકેટ વિતરીત કરવામાં આવ્યા છે. અશ્વિનીકુમારે રાજ્યમાં શાકભાજી, દૂધ વગેરે આવશ્યક ચીજવસ્તુઓ પણ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે તેની વિગતો આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે શનિવારે રાજ્યમાં ૨૫૫ લાખ લીટર દુધની આવક થઈ છે અને ૪૨.૪૦ લાખ લીટર દૂધ પાઉચ વિતરણ થયું છે. ટ્રેટાપેકમાં ૪૦ હજાર લીટર દૂધનું વેચાણ થયું છે.

રાજ્યમાં શનિવારે બધી જ એટલે કે ૭૨ હોલસેલ શાકમાર્કેટ કાર્યરત રહી છે તેની પણ અશ્વિનીકુમારે વિગતો આપી હતી. તેમણે ઉમેર્યુ કે શાકભાજીની આવકમાં પણ શુક્રવારની ૮૫ હજાર ૧૧૩ કવીન્ટલની આવક સામે ૪૫ હજાર કવીન્ટલ વધુ એટલે કે ૧ લાખ ૨૯ હજાર ૯૦ કવીન્ટલ શાકભાજી શનિવારે વધારે આવી છે.

ધાનેરા નેનાવા ત્રણ રસ્તા નજીક કચરાના ઢગમાં આગ

ધાનેરા નેનાવા ત્રણ રસ્તા નજીક નગરપાલિકા દ્વારા સમગ્ર કચરો એક જગ્યા પર નાખવામાં આવે છે અને એ કચરામાં આજે અચાનક આગ લાગતા આજુબાજુના ઝૂપડપટ્ટીમાં રહેતા લોકો ભયભીત બની ગયા હતા અને લોકો દ્વારા આ ગુજરાતનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ આ જ કાબુમાં ન આવતા સ્થાનિક લોકો દ્વારા ધાનેરા નગરપાલિકાના ફાયર ને જાણ કરવામાં આવી હતી અને ફાયર ફાયટરો ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો તો બીજી તરફ કેવી રીતે આગ લાગી તે વિશે નું કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે બહાર ગામથી આવેલા ૨૬ વ્યક્તિઓને ઘરની બહાર ન નીકળવા આદેશ

પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે બહાર ગામથી આવેલા ચાર પરિવારોના ૨૬ સભ્યોને ઘરની બહાર ન નીકળવા આદેશ કરવામાં આવ્યો છે. અને તેમની કોઈ વ્યક્તિએ મુલાકાત ન લેવા માટે મકાનો આગળ નોટિસો ચીપકાવવામાં આવી છે.

બનાસકાંઠામાં કોરોના વાયરસ અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જ્યાં લોક ડાઉન દરમિયાન પાલનપુર તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં અન્ય સ્થળોએથી આવેલા લોકો ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે. જેમાં પાલનપુર તાલુકાના વાસણ (ધા) ગામે અમદાવાદ, સુરત, મુંબઈ સહિતના શહેરો માંથી પોતાના વતનમાં પરત આવેલા ચાર પરિવારના ૨૬ સભ્યોને ઘરની બહાર ન નીકળવા

આદેશ કરવામાં આવ્યો છે. અને તેમની કોઈ વ્યક્તિએ મુલાકાત ન લેવા માટે મકાનો આગળ નોટિસો ચીપકાવવામાં આવી છે.

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં આ વ્યક્તિઓને કોરોના વાયરસના કોઈ લક્ષણો જોવા મળ્યા નથી. પરંતુ તેઓ કોરોના સંક્રમિત સ્થળોએથી આવ્યા હોવાથી તકેદારીના ભાગ રૂપે આગામી ૧૫ દિવસ સુધી તેમને ઘરની બહાર ન નીકળવા તેમજ અન્ય વ્યક્તિઓને ન મળવાની સૂચના આપવામાં આવી છે.

ધાનેરા નગરપાલિકાના કોંગ્રેસના સદસ્ય દ્વારા ૨૧ દિવસ સુધી ગરીબ લોકોને ભોજન પૂરું પાડશે

ગુજરાત રાજ્યમાં રોજ કમાતા અને રોજ ખાતા તેવા લોકો

પર મુશ્કેલી આવી પડી છે તેવું કહીએ તો પણ તે વાતને નકારી શકાતી નથી સમગ્ર દેશ લોકડાઉં છે ૧૪૪ લગાવી દેવામાં આવી છે ત્યારે સરકાર દ્વારા જીવન જરૂરિયાતવાળી વસ્તુ માટે ની દુકાન ખુલ્લી રાખવા માટે કહેવામાં આવી છે પરંતુ જે લોકો દરરોજ કમાતા અને દરરોજ ખાતા તેવા લોકોને જીવન વિતાવવું ખૂબ જ મુશ્કેલ બની ગયું છે જેમની પાસે ધંધો જ નથી કે લોકો પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવે તે મોટો સવાલ બની ગયો છે ત્યારે ધાનેરા નગરપાલિકા કોંગ્રેસના સદસ્ય દ્વારા આવા તમામ લોકોને ભોજન પૂરું પાડવા માટેની જવાબદારી લીધી છે અને ધાનેરાના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા તમામ લોકોને ઘરે ઘરે જઈ પુરી તેમજ સુકી ભાજી આપવામાં આવી હતી તો બીજી તરફ મીડિયા સાથેની વાતચીતમાં આ લોકોએ જણાવ્યું હતું કે અમે જ્યાં સુધી કોરોના લો મારી દેશમાં રહેશે અને જ્યાં સુધી દેશ લોકડાઉં રહેશે ત્યાં સુધી અમે ગરીબ તેમજ ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા તમામ લોકોને જમવાની વ્યવસ્થા કરી આપીશું આ કાર્યક્રમમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ નગરપાલિકા બાંધકામ સમિતિના ચેરમેન જયેશભાઇ સોલંકી ઈશ્વરભાઇ ચૌધરી પ્રકાશભાઈ સુથાર હરિસિંગ રાજપૂત સહિત કોંગ્રેસના કાર્યકર્તાઓ જોડાયા હતા અને કોંગ્રેસના કાર્યકર્તાઓ ની કામગીરી અને ધાનેરાના લોકોએ પણ બિરદાવી હતી.

જિલ્લાના હોમગાર્ડઝ જવાનો એક દિવસનું મહેનતાણું મુખ્યમંત્રી રાહત નિધિમાં આપશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડઝ જવાનો દ્વારા પોતાનો એક દિવસનો પગાર મુખ્ય મંત્રી રાહત ફંડ નિધિમાં અર્પણ કરવામાં આવનાર છે, તેવું જિલ્લા કમાન્ડન્ટ (હોમગાર્ડ), ગાંધીનગર શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે.

જિલ્લા કમાન્ડન્ટ (હોમગાર્ડ), ગાંધીનગરના શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિએ જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાયરસનો હાહાકાર મચી ગયો છે. જેના કારણે આજે સમગ્ર દેશ સહિત ગુજરાત રાજયમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. રાજયના સંવેદનશીલ મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ઉમદા વિચારને સમર્થન આપી ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યએ સૌ જિલ્લાવાસીઓને આ નિધિમાં ફંડ આપવા માટે અપીલ કરી હતી. જેને સમર્થન આપી અમે સૌ ગાંધીનગર હોમગાર્ડ જવાનોએ સર્વાનુમતે તેમનો પગારમાંથી એક દિવસના પગારનો સહયોગ રાહત ફંડ નિધિમાં અર્પણ કરીશું. અમારા કુલ - ૭૫૦ જેટલા હોમગાર્ડનો એક દિવસનો પગાર એટલે અંદાજે ૨.૫૦ લાખ રૂપિયા આ નિધિમાં અર્પણ કરીશું.

સેક્ટર-૨૭માં ઘરે ઘરેથી અનાજ શાકભાજી ઉઘરાવી શ્રમિકોને અપાયા

ગાંધીનગર, તા. ૨૮

લોકડાઉનની સ્થિતિમાં જરૂરિયામંદ નાગરિકોને એક જ મુશ્કેલી સૌથી વધુ નડે છે અને તે છે અનાજ અને શાકભાજી વગેરેની. આ સ્થિતિમાં શહેરમાં અનેક સેવાભાવી સ્વયંસેવકો જરૂરિયાતમંદોને ભોજન, નાસ્તો, પાણી વગેરે પુરાં પાડી રહ્યાં છે. શહેરના સેક્ટર-૨૭માં કેટલાંક સેવાભાવી સ્વયંસેવકોએ સોસાયટીમાં ફરી ફરીને અનાજ-શાકભાજી દાન સ્વરૂપે ઉઘરાવ્યાં હતા જે શ્રમજીવી વર્ગના જરૂરિયાતમંદોને પહોંચાડવા પોલીસને સુપરત કરાયા હતા.

યુવાનોને લોકડાઉનમાં લટાર મારવા ન નીકળવાની અપીલ

પોલીસ ગુનો દાખલ કરશે તો, કારકિર્દી આડે સમસ્યા : સોસાયટીઓ, શેરીઓ, મહોલ્લામાં કોમન પ્લોટમાં પણ લોકોને એકત્ર કે ભીડભાડ ન કરવા ડીજીપીની સ્પષ્ટ તાકીદ

ગાંધીનગર,તા. ૨૮

લોકડાઉન દરમ્યાન આગામી દિવસોમાં પોલીસ હવે કડક કાર્યવાહી કરશે. ખાસ કરીને ઘરમાં કંટાળી યુવાનો ઘરની બહાર લટાર મારવા નીકળતા હોવાનું પોલીસના ધ્યાન પર આવતાં રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ ખાસ કરીને યુવાનોને ખાસ ચેતવણી આપી છે કે, તેઓ લોકડાઉનની અમલવારી દરમ્યાન લટાર મારવા ઘરની બહાર ના નીકળે. પોલીસ તેઓની વિરૂધ્ધ આવા સંજોગોમાં ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરશે. પોલીસ ગુનો દાખલ કરશે તો, યુવાનોને તેમની કારકિર્દી તેમ જ વિદેશમાં જવામાં મોટી સમસ્યા ઉભી થઈ શકે છે. દરમ્યાન ડીજીપી શિવાનંદ ઝાએ ખાસ ધ્યાન દોર્યું હતું કે, આઈપીએસ એસોસીએશન તરફથી તમામ અધિકારીઓએ સીએમ રિલીફ ફંડમાં એક દિવસનો પગાર જમા કરાવવાનો નિર્ણય લીધો છે. કોરોના વાઈરસની લડાઈમાં સરકારને આર્થિક સહાયમાં આઈપીએસ એસોસીએશને યથાયોગ્ય યોગદાન આપવાનો નિર્ણય લીધો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પોલીસ દ્વારા અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ડ્રોન અને સીસીટીવીની મદદથી બાજ નજરો રાખી રહી છે. ખાસ કરીને શહેર સહિત રાજયભરમાં લોકો હજુ પણ લોકડાઉન દરમ્યાન સોસાયટીઓ, શેરી-મહોલ્લાના કોમન પ્લોટમાં એકત્ર થાય છે અને ભીડભાડમાં બેસતા હોવાનું પોલીસના ધ્યાન પર આવ્યું છે પરંતુ તે પણ ગંભીર બાબત છે. આ પ્રકારે લોકો એકસાથે બેસે અથવા તો ટોળે વળે તો કોરોના વાયરરસનું સંક્રમણ કે તેનાા ફેલાવાની દહેશત વધી જાય છે. આ સંજોગોમાં સોસાયટીઓ, શેરીઓ-મહોલ્લામાં કોમન પ્લોટમાં પણ લોકોને એકત્ર કે ભીડભાડ નહી કરવા ડીજીપીએ સ્પષ્ટ તાકીદ કરી હતી. પોલીસ દ્વારા સોસાયટી કે શેરી-મહોલ્લાના કોમન પ્લોટમાં કે નાકે ભેગા થતા લોકો વિરૂધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવશે.

કોરોનાને લઈ ભડકાઉ ટિપ્પણી કે અફવા નહી ફેલાવવા પણ ડીજીપી ઝાએ અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે, આ પ્રકારના કિસ્સામાં દાહોદમાં બે અને ભાવનગરમાં ચાર ગુના અત્યારસુધીમાં દાખલ કરાયા છે.

ડીસા જલારામ મંદિર ગરીબોનું બેલી પુરવાર

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે જેના પગલે સમગ્ર ભારત પણ ૨૧દિવસ માટે લોકડાઉન કરવામાં આવ્યું છે. જો કે લોકડાઉન દરમિયાનની પરિસ્થિતિ ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે કપરી બની છે તેમાં પણ રોજ કમાઈને રોજ ખાતા ગરીબોને બે વખત ખાવાના પણ ફાંફા થઈ જવા પામ્યા છે, ત્યારે ડીસા જલારામ મંદિર ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ગરીબો અને પીડિતો માટે આશાનું કિરણ બની જાય છે તેમ લોકડાઉન દરમિયાન પણ જલારામ મંદિર ખાતે દરરોજ ૫ હજાર લોકોને ભોજન મળી રહે તે માટેનું ઉમદા આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે શનિવારે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા, પરેશભાઈ ઠક્કર, ભગવાનદાસ બંધુ, રાજુભાઈ ઠક્કર અને શશીકાંતભાઈ ઠક્કર દ્વારા આ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. એટલું જ નહીં, જલારામ મંદિર દ્વારા દરેક ગરીબોના ઘર સુધી આ ભોજન પહોંચાડવાની પણ પાકી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેથી વધુ એક વખત જલારામ મંદિર ગરીબો માટે આધારસ્તંભ પુરવાર થયું છે.

ગુરૂનાનક સાહિબ ગુરૂદ્વારામાં ૨૦૦ ફુડ પેકેટ્સ બનાવાયાં

શહેરમાં કોરોના સામેની લડતમાં સૌ કોઈ જોડાઈ ગયાં છે, પછી તે સામાજિક કે સ્વૈચ્છિક સંસ્થા હોય અથવા ધાર્મિક સંસ્થા હોય... શહેરના શીખ ગુરૂદ્વારા ગુરૂનાનક સાહિબ દ્વારા પણ ૨૦૦ ફૂડ પેકેટ્સ તૈયાર કરીને ફરજ પરના તબીબો, નર્સો, પોલીસ, પેરા મેડીકલ સ્ટાફ તથા જરૂરિયાતમંદોને પહોંચાડવા મહાનગર પાલિકાને સોંપવામાં આવ્યા હતા.

ઉનાળામાં ખીલી ઉઠેલી બોગવનવેલથી શહેરના માર્ગો એકદમ ખીલી ઉઠયા છે. હાલમાં માર્ગો પર વાહન વ્યવહારની નહીવત અવરજવર છે ત્યારે બોગનવેલની સુંદરતા શહેરની સુંદરતા વધારી રહી છે.

મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

અહીં ધોળાવીરા, નર્મદા વિશેના લઘુ સંવેદનો છે. તો વળી ઉદાસી અને જગતના વ્યવહારોની વાત પણ છે. માણસને હંમેશાં વાચતા રહેતા આ સર્જક ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, કવિ કલાપી, રઘુવીર ચૌધરી તથા અનેક સર્જકોને યાદ કરે છે. વતન કમાલપુર, બા, દીકરી, પ્રકૃતિ, નદી, તળાવ, આકાશ, પક્ષીઓ વગેરે વારંવાર આ સંવેદનોમાં ડોકાતા રહે છે. કારણ કે આ સર્જક વાંચવાને વરદાન માનીને તેઓ જીવનની ફૂલદાનીમાં સંવેદનાને મહેકાવે છે. પુસ્તકોની પારદર્શકતાની વાત પણ કરે છે. ભવ્ય આભની નીચે ધૂળભરી પગદંડીમાં રખડવું ગમે એવી રીતે આ સંવેદનોમાં વિહરવું ગમે છે. કારણ અહીંયા શબ્દ, સાહિત્ય, સંસ્કાર, પ્રકૃતિશ્રૃંગાર, કલ્પનની સાથે સાથે જીવનની સમજણ છે. દાંમ્પત્યજીવનની ગરિમા છે, નવા સર્જકોને ઉપયોગી બની રહે એવી લેખનકલાની રેસિપી પણ છે, ગાંધીનગર સાથેના સંસ્મરણો, જીવનમાં પરિવર્તનનું મહત્વ અને પ્રાર્થના અને પ્રસંશાની સકારાત્મકતા તથા ચાહતની સાચી રીત આ સર્જક આપણને આપે છે.

આ પુસ્તક આંતરિક રીતે તો સમૃદ્ધ છે જ પણ એનું ટાઇટલ પણ એકદમ આકર્ષક બન્યું છે. " બુક શેલ્ફ " દ્વારા પ્રકાશિત આ પુસ્તકની બીજી ખાસિયત એમાં રહેલા દરેક સંવેદનની સાથે રહેલી કાવ્યાત્મક અને જીવંત તસવીરો છે. અહી સર્જકના શબ્દોની સાથે આ તસવીરો પણ બોલે છે. અંદરના પૃષ્ઠોની બ્લેક એન્ડ વ્હાઇટ ડિઝાઇન આખા પુસ્તકને એક નવી આભા આપે છે. આ સંવેદનો સાહિત્યનો કોઇ જ પ્રકાર લઇને આવતા નથી પરિણામે ભાવકોને એની સંવેદના શીરાની જેમ સીધી જ હૈયામાં ઊતરી જાય છે. કેમ કે સાહિત્યનું મૂળ તો સંવેદના જ છે.

9426060601.india@gmail.com

૯૧૮ પોઝિટીવ કેસ... ● પહેલા પાનાનું ચાલુ

કર્ણાટકમાં ૫૫, તેલંગાણામાં ૪૮ કેસ છે. જ્યારે રાજસ્થાનમાં કેસની સંખ્યા ૪૮ છે જેમાં બે વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ૫૩ કેસ પોઝિટિવ છે. ૨૪ કલાકમાં રાજ્યમાં નવ નવા કેસ સામે આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં ૪૫ કેસ તેમજ દિલ્હીમાં એક વિદેશી નાગરિક સહિત ૩૯ કેસ નોંધાયા છે.

પંજાબમાં કોવિડ ૧૯ના ૩૮ કેસ થયા છે જ્યારે હરિયાણામાં ૧૪ વિદેશીઓ સહિત ૩૩ કેસ થયા છે. તમિલનાડુમાં ૩૮, મધ્યપ્રદેશમાં ૩૦, જમ્મુ અને કાશ્મીરમાં ૧૮, પશ્ચિમ બંગાળમાં ૧૫, આંધ્ર પ્રદેશમાં ૧૪ અને લદ્દાખમાં ૧૩ કેસ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય મુજબ બિહારમાં નવ કેસ, ચંદીગઢમાં સાત, છત્તીસગઢમાં છ, ઉત્તરાખંડમાં એક વિદેશી સહિત પાંચ કેસ સામે આવ્યા છે. હિમાચલ અને ઓડિશામાં ત્રણ-ત્રણ કેસ છે.

મજૂર પગપાળા જ પોતાના પરિવાર સાથે વતન પાછા ફરી રહ્યા છે. આ કેસને લઈને સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં માગ કરવામાં આવી છે કે કોર્ટ વહીવટીતંત્રને આદેશ આપે કે આ લોકોને દરેક જગ્યાએ શેલ્ટર હોમમાં રાખીને તમામ સુવિધાઓ આપવામાં આવે.

૬ લાખથી વધુ કેસ... ● પહેલા પાનાનું ચાલુ

કોરોના વાયરસના કારણે જે દેશો સૌથી વધારે પ્રભાવિત છે તેમાં ઈટાલી, અમેરિકા, સ્પેન, જર્મની, ઈરાન, ફ્રાન્સ, સ્વીસનો સમાવેશ થાય છે. નેધરલેન્ડ સહિતના દેશો પણ મુશ્કેલીમાં છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારે થઈ રહ્યો છે. કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં હાલત ખરાબ થયેલી છે. દરરોજ નવા નવા કેસો અને મોતના આંકડા આવી રહ્યા છે. હજુ સુધી કોઈ દેશને આ ખતરનાક સ્વરૂપ ધારણ કરી ચુકેલા કોરોના વાયરસને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. તમામ દેશ યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સ્થિતી બિલકુલ બેકાબુ બનેલી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી

વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ઈટાલી, ઈરાન, અમેરિકા સહિતના દેશોમાં મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. તમામ જગ્યા પર કોરોના વાયરસ બેકાબૂ છે. સ્થિતિને કાબૂમાં લેવાના તમામ પ્રયાસો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. તમામ દેશોમાં કેસો અને મોતનો આંકડો જે ગતિથી હજુ પણ વધી રહ્યો છે તે જોતા સ્થિતી હજુ એકબે મહિના સુધી કાબુમાં નહીં આવે તેવા સંકેત મળી રહ્યા છે. કોરોના હજુ વધુને વધુ ખતરનાક સ્વરૂપમાં છે. આ કિલર કોરોનાના સકંજામાં એક પછી એક દેશો આવી રહ્યા છે.રકવર થયેલા લોકોની સંખ્યામાં પણ ઝડપથી વધારો થઈ રહ્યો છે. જે સારા સંકેત સમાન છે. ભારત સહિત દુનિયાના દેશોમાં હાલ લોકડાઉનની સ્થિતી રહેલી છે. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. કેટલાક દેશોમાં તો હવે માત્ર એવા જ દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમને હોસ્પિટલમાં સારવાર આપવાની જરૂર છે.

ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. સ્થિતી ચીનમાં સુધરી રહી છે. દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે.